


## સલામી સવારની..

*સત્તા ના ઘરે ન્યાયદેવી પણ પાણી ભરે છે!*
*સ્વાર્થને કપટની નીતિ પર શાણી ઠરે છે!*
*લ્હાણી કરે છે સત્તાની સાથે મળીને લૂંટારા -*
*વાણી વિલાસ કરી ન્યાય-કોર્ટ ભાણી ઠરે છે!*
*(અરૂણાચલ - ફિસ્કી ગયા!)*

હાઈકુ

*વેપારી ને તો,*
*છે બે આંખ સરખી -*
*ઓબામા મોલ!*
*(નવાઝ, પ્રિય ગ્રાહક)*

*રડે આત્મા ને -*
*હસતું મુખ રાખી -*
*કરું નાટક?!*
*(IGP એ ચાર્જ છોડયો)*

## ચિંતન

**વિપ્રપાદોદ્કકર્દ માનિ ન વેદશાસ્ત્ર ધ્વનિ ગાર્જિતાનિ ।**
**સ્વાહા-સ્વધાકાર વિવર્જિતાની સ્મશાનતુલ્યાનિ ગૃહાણિ તાનિ ॥**

'ચાણક્યનીતિ' શાસ્ત્રનો આ શ્લોક છે.

જે ઘરોમાં વિદ્વાન-પંડિત-સાક્ષરના પગ ધોવાથી થતું કીચડ-ભિનાશ થતી નથી અર્થાત વિદ્વાનો પ્રત્યયયયે જે ઘરમાં આદર સન્માન હોતું નથી, જે ઘરમાં વેદપાઠષ સ્વધર્મનું અધ્યયન શાસ્ત્રનો પાઠ થતો નથી, જે ઘરમાં 'સ્વાહા' અને 'સ્વધા' (દેવી જે આહુતિ સ્વીકારનાર પિતૃઓના કર્મ ધર્મની દેવીઓ છે) તેમનું ઉચ્ચારણ થતું નથી અર્થાત્ પિતઋણના - સમાજ કલ્યાણના યજ્ઞો કાર્યો થતાં નથી. તે ઘર 'સ્મશાનવત્' છે.

ઘર પરિવારના એ જ સંસ્કાર છે જયાં વિદ્વાન-પંડિત-સાહિત્યકારનું આદરપૂર્વક માન-સન્માન થતું હોય અને પિતૃઋણ અને સેવાયજ્ઞ થતા હોય - યજ્ઞમાં સ્વાહા-સ્વધાના ઉચ્ચારણ થાય છે.

ઘરમાં નિયમિત ગીતા-રામાયણ-સુંદરકાંડ-નવકાર મંત્ર - કુરાનના કલમા પાઠ થવા જોઈએ. એવા ઘરમાં રહેવાથી સ્વર્ગીય આનંદ પ્રાપ્ત થાય છે.

## સુવિચાર

- મૂર્ખાઓ પાસે યુક્તિઓ નથી હોતી, યુક્તિઓ નો જવાબ તે તો હક્ક થી આપે - **કાંતિ ભટ્ટ**
- શ્રીમંત માણસને પોતાના પૈસાનો ગર્વ રહે છે,
  પણ ગરીબની ઝૂંપડીમાં ક્રોધ અને અહંકાર માટે રહેવાની જગ્યા જ નથી હોતી - **પ્રેમચંદ**
- આભૂષણો ધારણ કરવાથી આત્મા ઊંચો બનતો નથી - **બર્મીઝ કહેવત**
- સુંદરતાને ઘરેણાની જરુર નથી,
  કોમળતા ઘરેણાનો ભાર નહીં સહન કરી શકે - **અખંડ આનંદ**
- અંધની આંખ તો ન જ ખુલી શકે પણ મન તો અવશ્ય ખુલી જ શકે છે - **વજુ કોટક**
- સાચી પ્રતિષ્ઠા અને સન્માન માટે સંપત્તિની જરુર નથી તેના માટે ત્યાગ અને સેવા જ પૂરતા છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : સૂંઠનો પાઉંડર માટીની તાવડી પર શેકી ગરમ પાણી સાથે લેવાથી ગેસ-અપચોમાં તરત રાહત થાય છે

(સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

આપણે મન-હૃદય-વિચારથી કોઈના વિશે જેવું વિચારીએ (હકારાત્મક કે નકારાત્મક) તેવી જ અસર છાપ-પ્રત્યાઘાત સામેના હૃદય-વિચાર-મન પર પડે છે. સાસુઓ-વહુઓને બનતું એટલે નથી અને યુવા હૃદયોમાં એક દૂજે કે લિયે એટલે જ થાય છે. બાદશાહ સવારમાં નીકળતો ત્યારે એક લાકડાંના વેપારી તરફ તેને ખૂબ ચીડ ચઢતી અને એક વૃદ્ધા માજી તરફ તેને ખૂબ પ્રેમ ઉભરાતો હતો. બંને અપરિચિત હતાં છતાં આમ કેમ થાય છે? બાદશાહે બીરબલને તપાસ સોંપી કહ્યું, બે દિવસમાં રિપોર્ટ આપો.

બીરબલ લાકડાના વેપારી પાસે ગયો. આડીઅવળી વાતો કરી એને ચિંતાનું કારણ પૂછ્યું. વેપારી કહે રાજા બિમાર હતા ત્યારે મેં ચંદનનું લાકડું ખરીદ્યું હતું. રાજા તો સાજા થઈ ગયા મારા પૈસા શેકાઈ ગયા - ની ચિંતા છે.

વૃદ્ધ માજી પાસે ગયો. તો જાણવા મળ્યું રાજાની ઉંમરનો એનો દીકરો મૃત્યુ પામ્યો હતો. રાજામાં એને પોતાનો પુત્ર દેખાતો હતો. તેથી તેના પ્રત્યે વાત્સલ્ય ઊભરાતું હતું. બીરબલે રાજાને અહેવાલ આપ્યો અને સલાહ આપી વેપારીના ચંદનના લાકડાં ખરીદી લ્યો! અને માજીને તમારી સેવામાં દાસી બનાવી લ્યો...

બંનેના મનોભાવમાં તફાવત દેખાયો.

# સગવડિયાં જોડાણ : રાષ્ટ્રીય પાર્ટીની મજબૂરી

**તંત્રીસ્થાનેથી...**

આગામી વર્ષ દરમિયાન પંજાબ અને તમિલનાડુમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણી માટે આળસ ખંખેરી કોંગ્રેસ પક્ષ એની વ્યૂહરચના ઘડવા લાગ્યો છે. પંજાબમાં સામાન્ય રીતે અકાળી દળ અને કોંગ્રેસ વારાફરતી સત્તા પર આવતાં રહેતાં હતા. પહેલી જ વાર અકાલી દળ-ભાજપની યુતિએ સળંગ બે ટર્મ સુધી સત્તા ભોગવી એમાં રાષ્ટ્રીય સ્તરે નરેન્દ્ર મોદીની ઊભી થયેલ ઈમેજ અને મનમોહન સરકારના કૌભાંડોની પરંપરાને મહત્વનો ભાગ ભજવ્યો હતો. પરંતુ છેલ્લે લોકસભાની ચૂંટણી વખતે પંજાબમાં આ યુતિને જબરો માર પડ્યો હતો. આમ આદમી પાર્ટી દિલ્હીમાં સાફ થઈ ગઈ જયારે પંજાબમાં એણે ચાર બેઠકો મેળવી હતી. તે જ રીતે ભાજપના વરિષ્ઠ નેતા અને નરેન્દ્ર મોદીના વિશ્વાસુ સલાહકાર અરુણ જેટલી અમૃતસરની પ્રતિષ્ઠાની બેઠક પર કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પંજાબના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અમરિંદર સિંહ સામે હારી ગયા હતા. આ બેઠક ખાલી કરવી પડી એથી તેઓ એ હદે નારાજ થયા હતા કે આગામી વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી એમને પંજાબના મુખ્યમંત્રી પદના દાવેદાર તરીકે રજૂ કરે એવી શક્યતાઓ વરતાવા લાગી છે. પંજાબના જાણીતા કોમેડિયનની આમ આદમી પાર્ટીમાં ભરતી કરીને કેજરીવાલે ચૂંટણીના શ્રીગણેશ કરી જ દીધા છે. ખુદ કેજરીવાલ પંજાબના મુખ્યમંત્રી પદના ઉમેદવાર બને એવી શક્યતાઓ પણ ચર્ચાઈ રહી છે. જો કે એ બધા હવાઈ તુક્કા જ લાગે છે. પરંતુ એક વાત સાચી કે અકાલી-ભાજપની યુતિ સરકાર દિવસે દિવસે ગ્રાઉન્ડ ગુમાવતી જાય છે. લગભગ દરેક મુદ્દે સાવ જ નિષ્ફળ સાબિત થયેલી બાદલ સરકારના મંત્રીમંડળમાં ભ્રષ્ટાચાર અને સગાવાદની બોલબાલા છે. પંજાબમાં પ્રકાશસિંહ બાદલ સામે કયારેક ગુરુચરણસિંહ તોહડાનો પડકાર હતો તે એમના અવસાન પછી સમાપ્ત થઈ જતાં અકાલી રાજકારણમાં બાદલ સર્વેસર્વા બની ગયા છે. હિંદુઓના મતો મેળવવા એમણે ભાજપ સાથે ગઠબંધન કરી કોંગ્રેસને તો હંફાવી પણ પંજાબના પ્રશ્નો ઉકેલવામાં સદંતર નિષ્ફળ જ રહ્યા. વળી સીમા પારથી થતી રહેતી ડ્રગ તસ્કરીમાં એમના જ મંત્રીમંડળના વરિષ્ઠ સભ્ય અને ઉપમુખ્યમંત્રી સુખબીર સિંહ બાદલના સાળાની સંડોવણી બહાર આવતા એમની રહી સહી આબરુના ધજાગરા બંધાઈ ગયા છે. પ્રકાશસિંહ બાદલ વૃદ્ધ થઈ ગયા છે. પંજાબ આખું ખુવાર થઈ ગયું છે. નથી રોજગારી, નથી ગરીબો માટે શિક્ષણ કે કામધંધા. આવા સંજોગોમાં વધુ પાંચ વરસ આ જ કુટુંબ કબીલાનું રાજ આવે તો પંજાબના નામનું નામું જ લખાઈ જાય, એવી દહેશત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ એ ભૂતપૂર્વ મુખ્યમંત્રી અમરિંદરસિંહે વ્યક્ત કરી છે એમાં તથ્ય પણ છે. એથી જ ભાજપ પણ અંદરખાને અકાળી દળ સામે ધૂંધવાયેલું છે, એકલે હાથે ચૂંટણી લડવાની તાકાત નથી એટલે મજબૂરીથી ભ્રષ્ટાચારી અને સગાવાદી પાર્ટી સાથે ગઠબંધન કરવું પડ્યું છે. એ જ સ્થિતિ તમિલનાડુમાં કોંગ્રેસની છે. જયલલિતા જયરામ સામે સીધી ટક્કર લેવાની કોંગ્રેસની હેસિયત નથી. તમિલનાડુમાં દ્રવિત રાજનીતિ હાવી થઈ ગઈ ત્યારથી કોંગ્રેસ હાંસિયે ધકેલાઈ ગઈ છે. દ્રવિડ રાજકારણના મહારથી કરૂણાનિધિ સાથે સાંઠગાંઠ રચી કોંગ્રેસ જયલલિતાને હંફાવવાનાં સપનાં જોવા લાગી છે. ત્રણ વરસ અગાઉ આ ગઠબંધન તૂટી ગયું હતું તે ફરી સજીવન કરવાના પ્રયાસો હાથ ધરાયા છે. કરૂણાનિધિ અને પ્રકાશસિંહ બાદલમાં ફેર નથી. બેઉ સામે ભ્રષ્ટાચાર અને સગાવાદના વાજબી પુરાવા સાંપડેલ છે, છતાં રાષ્ટ્રીય પક્ષોને એમની ગરજ પડતી રહી છે. મનમોહન સરકારને કરૂણાનિધિ ડીએમકે પાર્ટીના ભાગમાં ગયેલી ખાતાં ધરાવતાં મંત્રીઓનો ભ્રષ્ટાચાર ઉઘાડી આંખે જોવો પડ્યો હતો અને ચલાવી લેવો પડ્યો હતો. ખુદ કરૂણાનિધિની સાંસદ પુત્રી કનીમોઝી ભ્રષ્ટાચારમાં સંડોવાઈ હતી. પંજાબ અને તમિલનાડુ - બેઉ રાજયોમાં રાષ્ટ્રીય પાર્ટીઓની સરખામણીએ પ્રાદેશિક પાર્ટીઓ વધુ શક્તિશાળી છે, એથી નાછૂટકે એમને ત્યાં સગવડિયાં જોડાણ કરવાં પડે છે. સત્તા મેળવવા માટે આવાં સગવડિયાં જોડાણ કરવામાં કોઈ પાર્ટીને કોઈ જાતનો છોછ નથી લાગતો!

# રે શિર સાટે નટવરને વરીએ : રે પાછું તે પગલું નવ ભરીએ

મહાકવિ શ્રી લાડુદાનજીની સવારી ધોરાજીથી જૂનાગઢ તરફ ગતિ કરી રહી છે. કચ્છ-ભૂજની વૃજભાષા પાઠશાળાના અમૂલ્ય રત્ન સમાન આ કવિરાજની સુખ્યાતિ સૌરાષ્ટ્ર - કચ્છના અનેક વિસ્તારોમાં પ્રસરેલી છે. કવિનું ધ્યાન રેવતાચાળ પર્વત (ગીરનાર) તરફ ગયું અને મનમાં જન્મભૂમિની સ્મૃતિનો મીઠો ભાવ પ્રસરી ગયો. આબુરાજની તળેટીનું ખાણ ગામ યાદ આવી ગયું. 'ખાણ'નો આ મૂલ્યવાન હીરો જ્યાં જ્યાં મુલાકાત કરે છે ત્યાં પોતાની ગરવી પ્રતિભા તથા કાવ્યશાસ્ત્રના બળે અજવાળા પાથરતો આવે છે.




આજે કવિની સવારી જૂનાગઢના માર્ગે મોજથી વિચરણ કરે છે. જૂનાગઢના મજેવડી દરવાજે નવાબ સાહેબના અમીરો કવિને સત્કારવા વિનયપૂર્વક ઊભા છે. કવિનો સત્કાર કરી સરદાર બાગમાં ઉતારો આપવામાં આવે છે. કવિશ્રીના રસાલાના ઘોડા-ઊંટ તથા માણસોની સુચારુ વ્યવસ્થા રાજ્ય તરફથી કરવામાં આવી છે. નવાબ સાહેબ સાથેની મુલાકાતનો દિવસ નક્કી થાય છે. ભરાવદાર તેમજ વિશાળ વિરરસથી ભરપુર તેજસ્વી મુખારવિન્દ, અજાનબાહુ તેમજ બુલંદ અવાજની કુદરતી બક્ષિસ ધરાવતા કવિ લાડુદાનજી ઉત્તમ રાજવંશી પોષાકમાં જૂનાગઢના નવાબ સાહેબની રાજ્યસભામાં પ્રવેશ કરે છે. નવાબ સાહેબે સંપૂર્ણ વિવેક સાથે કવિને ઉજળો આવકાર આપ્યો. સૌની કૂશળતા પૂછીને કવિએ આશીર્વાદના વેણ ઉચ્ચાર્યા. સભામાં કાજી સાહેબનો પરિચય થયો. કવિના ધ્યાન પર કોઈએ એ બાબત મૂકી હતી કે કાજી સાહેબ જાણકાર છે તથા પોતાની જાણકારીનું ગુમાન ધરાવે છે. નવાબના કહેવાથી કવિ કાજી સાહેબ તરફ એક નજર કરીને પોતાની છટાદાર શૈલીમાં કવિત સંભળાવે છે.

*દિયા હૈ ખૂદાને ખૂબ*
*ખૂશી કર ગ્વાલ કવિ,*
*ખાના પીના લેના દેના,*
*ઓહી રહ જાના હૈ.*
*કેતેક અમીર ઉમરાવ*
*બાદશાહ ગયે,*
*કર ગયે કૂચ તાકા*
*લગા ના ઠિકાના હૈ.*
*હિલો મિલો પ્યારે જાન*
*બંદગીકી રાહ ચલો,*
*જિંદગી જરાસી તામે*
*દિલ બહલાના હૈ.*
*આવ પરવાના બને*
*એક હુન બાના,*
*યા તેં નેકી કર જાના*
*ફિર આના હૈ ન જાના હૈ.*



છટાદાર ચારણી શૈલીમાં બુલંદ કંઠથી પ્રગટ થયેલા આ અર્થપૂર્ણ કવિતાના શબ્દો સાંભળી નવાબ સાહેબ તથા કાજીને કોઈ ખુદાઈ ફિરસ્તાની પાવક વાણીના પડઘા સંભળાયા. સુભાન અલ્લાહ ! કહી બાદશાહે પ્રસન્નતા વ્યક્ત કરી. કાજી સાહેબ જાણતલ હતા તેથી આ પ્રવાસી કવિની વિદ્વતાને નમી પડ્યા.

મરુભૂમિના પ્રથમ પડાવે તીર્થરાજ આબુની તળેટીમાં આશિયા શાખાના ચારણ કુટુંબમાં

અનુસંધાન પાના નં. ૭ પર

# તારો મારો પ્રેમ તો રેહમ (રેશમ) ની ડોરી પછી કોઈ લૂગડા હૂકવે તો કેટી ન'ઈ



લવ, પ્રેમ, ઈશ્ક, પ્રણય, પ્યાર, મહોબ્બત... આ બધા પ્રેમના માટે વપરાતા શબ્દો છે... આ પ્રેમ એ એવી ચીજ છે જે વ્યાખ્યામાં બંધાય એવી નથી. બહુ બહુ તો અનુભવે સમજાય એવી છે. પ્રેમમાં પડવાનું નથી ઉઠવાનું હોય છે... Don't fall in lovem Rise in love.

બે વ્યક્તિની કેમેસ્ટ્રી મળે, કશુંક એવું ક્લિક થાય છે કે દશ્ય સ્થિર થઈ જાય છે. એક વેવલેન્થ રચાય છે. આખો મામલો તનોમેળે અને મનોમેળનો છે. બંને પક્ષે બધુ સમુસૂતરું ચાલે તો પ્રેમ લગ્નમાં પરિણમે છે.

હસ્તમેળાપ સામાજિક વિધિ છે, હૃદયમેળાપ અંગત વસ્તુ છે... કવિ ન્હાનાલાલે સ્નેહલગ્નની વાત કરી અને લગ્નસ્નેહની પણ વાત કરી છે. આત્મા ઓળખે તે વર અને ન ઓળખે તે પર.




પ્રારંભમાં શરીરનું મહત્ત્વ હોય છે... એકાંત મહત્ત્વનું છે... બંને જણની ઉત્કટતા અને તીવ્રતા મુખ્ય ભાગ ભજવે છે. 'સરસ્વતી ચંદ્ર'માં એક સંવાદ આવે છે કે, કામનો પિતા કોણ છે? જવાબ મળે છે : એકાંત.

અને આજે આપણે જોઈએ છીએ કે, છડે ચોક લાગણીઓનું દર્શન-પ્રદર્શન થતું હોય છે. હવે કદાચ એકાંતનો મહિમા નથી રહ્યો... કવિ ઓડને એક કાવ્યમાં કહ્યું છે કે - પ્રેમીઓ જાહેરમાં ખુલ્લેઆમ વર્તન કરે છે, તો પછી એકાંતમાં તો તેમની પાસે કરવાનું કશું રહેતું જ નથી? 'ખુલ્લખુલ્લા પ્યાર કરેંગે હમ દોનોં...' આમાં પ્રેમ ઓછો અને આકર્ષણ વધુ હોય છે...

શ્રી સુરેશ દલાલનું એક કાવ્ય છે, 'એક ડોશો હજીય ડોશીને વ્હાલ કરે છે...' પ્રેમ આ છે... બે વ્યક્તિ લગ્ન કરે તે ઉત્સવની વાત નથી... પરંતુ બે વ્યક્તિ સ્નેહલગ્નની ૨૫મી - ૫૦મી વર્ષગાંઠ ઉજવે તે મહત્ત્વની ઘટના છે.

આપણે ત્યાં લગ્ન કરવા માટે પ્રેમને અનિવાર્ય રસાયણ નથી માનવામાં આવતું... એમ સમજાવાય છે કે, એ તો ભેગા થશો એટલે થઈ જ જશે... વાત સાચી છે... રોજ રોજ આંગણે આવતા કૂતરા કે ગાય પણ વરસ પછી માયા પ્રગટાવી જાય છે... તો વ્યક્તિ શી ચીજ છે? શું પશુ પ્રત્યેની લાગણી એ જ લાગણી તમારા લાઈફ પાર્ટનર માટે હોય તો ચાલે?

ખરેખર તો લાઈફ પાર્ટનરની ખરી પીછાણ જ ૨૪ કલાક સાથે રહેવાનું શરુ થાય પછી થાય છે... પહેલા આકાશના તારા તોડી લાવવાની વાત કરનાર પુરુષ રવિવારે સવારે ગલીના નાકેથી દૂધ લાવવામાં પણ છણકા કરે છે...

પહેલા જે સ્વપ્નસુંદરીનાં સ્વપ્ન જોયા હોય તેને રાત્રે નસકોરાં બોલાવતી સાંભળીએ ત્યારે પણ તેનામાં એ જ સ્વપ્ન સુંદરી દેખાય તે પ્રેમ છે... છાશવારે ફીલીંગ્સમાંથી કે આર્ચીઝમાંથી 'Love you, Miss you' નું કાર્ડ આપે રાખતા સાથીઓ કરિયાણાના બિલ અને ચીજવસ્તુઓના લીસ્ટની આપ-લે કરતી વખતે પણ તેટલા જ સ્પંદન અનુભવે તે પ્રેમ છે...

પહેલા બાઈક પાછળ ખભે માથું નાખીને બેઠેલા અને છોકરો ભરપૂર ટ્રાફીકવાળા રસ્તાઓ પર વારંવાર બ્રેક મારી મારીને તેના સ્પર્શને અનુભવતી વખતે જે થનગનાટ અનુભવે તેટલો જ થનગનાટ લગ્ન અને એકાદ બાળક પછી સ્વપ્નસુંદરી જયારે પત્ની અને માતા બની જાય, તેનો હાથ તમારા ખભા પરથી સરકીને તમારા નાના બાળકને તેડવા અને પકડવામાં વ્યસ્ત હોય, ત્યારે પણ વાગતી બ્રેક વખતે... જો થનગનાટ જન્મે તો તે પ્રેમ છે...

આપણા સમાજની કમનસીબી બે જગ્યાએ બે વિરોધાભાસમાં એક સાથે જોવા મળે છે... એક તો ઘણા બધા લગ્નો અને કપલ જોવા મળે છે તે એટલા માટે ટકી ગયેલા જોવા મળે છે કારણ કે પરિવારની પ્રતિષ્ઠા-સમાજની શરમ, બાળકનું ભવિષ્ય જેવા વિચારોને કારણે પડ્યું પાનુ નિભાવી લેવાતું હોય છે...

જયારે આનાથી તદન વિરોધાભાસી બાબત કે - જરા સરખું પણ સહનશીલતાનું નામોનિશાન ન હોવાના કારણે... પિત્ઝાની ચોઈસ અલગ હોવાના કારણે, કપડા પહેરવાની સ્ટાઈલની ભિન્નતાને કારણે 'અભી બોલા અભી ફોક' ની જેમ લગ્નના થોડા જ સમયમાં છૂટાછેડા સુધી નોબત આવી જાય છે...

વેલેન્ટાઈન ડે ના દિવસે ૫૦-૧૦૦ રૂ. ના ગુલાબ આપી દેવા કરતાં તે ગુલાબ જેવી પ્રેમની સુવાસથી તમારો સંબંધ સતત મહેંકતો રાખવો તે વધુ મહત્ત્વનું છે...

'બસ, લડકી ઔર ટ્રેન - એક જાતી હૈ દૂસરી આતી હૈ' જેવી માનસિકતા સાથે આજે હવે પ્રેમ તો કયાંય જોવા મળતો જ નથી... સાથે હરવાફરવાનું મોજમજા કરવાના... ફાવ્યું તો લીવ ઈન રીલેશનશીપ નહીંતર બીજા પ્રયત્નમાં લાગી પડવાનું... એક છોકરાને પ્રેમ કરવો, તે ન મળે તો તેને મેળવવાની રાહમાં આખી જિંદગી વીતાવી દેવી આ બધી વાત તો હવેના સમયમાં પરીકથા જેવું થઈ ગયું છે...

માઉન્ટેનમેન - માંઝીની જેમ પ્રિયતમા - પત્નીની યાદમાં ૨૧ વર્ષ સુધી પહાડ ખોદીને રસ્તો બનાવવાનું મૂવી વખાણવામાં ખૂબ આવે છે પણ પ્રેક્ટીકલી પોતાના જીવનમાં તેને વણી લેવું આજકાલ મુશ્કેલ લાગે છે...

લગ્ન-પ્રેમ આ બધી સનાતન બાબતોના સત્ય હવે બદલાવા લાગ્યા છે, એન આના સત્ય એ છે કે હવે આ સંબંધોમાં સત્ય જ નથી રહ્યું... શિષ્ટાચાર ખાતર નિભાવવા જેવી પળોજણ બની રહેતી પ્રથા છે...

કૉલેજમાં જે રુપવતી કન્યાને ભરપૂર મેકઅપ અને અદ્ભૂત વસ્ત્રોમાં જોઈને પ્રેમમાં પડ્યા હોઈએ તે જ સુંદરીના શરદી-સળેખમ વખતના ગળફા વખતે સૂગ ન આવવી જોઈએ.

એક વ્યક્તિ સાથે પ્રેમ થઈ જવો સહેલી વાત છે... પણ વર્ષોના વર્ષો સુધી તે જ વ્યક્તિને સતત પ્રેમ કરતા રહેવા માટે તેનામાં રહેલી ખૂબીઓને શોધી કાઢીને પ્રેમરત રહેવું કઠીન છે...

આવી વસંતપંચમી સૌને ફળો... અને આવા કઠીન કાર્ય સૌને સુલભ બને તેવી શુભેચ્છાઓ...

**શીર્ષક પંક્તિ - રઈશ મણિયાર**

**- jayuoza@gmail.com**
**Mo. 9898046488**

# સંતાનો પોતાની જવાબદારી નિભાવે અને માતાપિતા તેમને પ્રેરણા આપે ત્યારે ઉત્તમ સંબંધો અને ઉત્તમ કારકિર્દીનું નિર્ણાય થતું હોય છે

'બેટા તમને અમારી વાતો જુનવાણી અર્થહીન અને મગજનું દહીં આપનારી લાગતી હોય તો હવે હું ચા-નાસ્તાના સમયે ડાઈનીંગ ટેબલ પર બેસીને થોડા પોઝીટીવ સૂચનો પણ નહિ કરું કે પછી ડાયરી રુપે તમને સંબોધીને ડાહી ડાહી વાતો પણ નહીં કરું બસ.'

અવિનાશે દીકરીને કહ્યું, દીકરા-દીકરી અને પત્ની સાથેનો એનો પરિવાર મુંબઈમાં વ્યવસાય અર્થે સેટલ થયો હતો. વર્ષોથી એક જ ધંધામાં હોવાને કારણે અને વ્યવસાયમાં પૈસો રળવાની સાથે પ્રામાણિકતા - સંબંધોની મીઠાશ અને વહેવારીકલા જાળવી હોવાથી આર્થિક અને સામાજિક રીતે સેટલ્ડ ગણાય એવો પરિવાર હતો.

દીકરો પિતાના વ્યવસાયમાં સાથે જ જોડાયો હતો અને દીકરી મેનેજમેન્ટ ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ કરીને મુંબઈમાં જ એક બહુ રાષ્ટ્રીય કંપનીમાં સારા હોદ્દા પર હતી. એની આવક પણ ખુબ સારી હતી અને વ્યાવસાયિક આવડત-નિર્ણયશક્તિ-સાહસ તથા ઓછું બોલીને બધુ કામ કરવાની ક્ષમતાને કારણે ઓફિસમાં દીકરીએ પોતાની રીતે એક સારી ઈમેજ ઉભી કરી હતી. ઉંમર થવાથી એમના પોતાના સમાજમાંથી અને મિત્ર વર્તુળમાંથી એના માટે હવે માગા પણ આવવાના શરુ થઈ ગયા હતા. ઓફીસમાં સવારથી લઈને મોડી રાત્રી સુધી એને કામ પણ રહેતું અને બધાને હોય છે એવું સ્ટ્રેસનું ભારણ પણ રહેતું.




અવિનાશ અને એની પત્નીનો ઉછેર ગુજરાતમાં થયો હતો અને પછીથી મુંબઈ સેટલ થતા બાળકોનો જન્મ અને ઉછેર મુંબઈમાં થયા હતા. બંને બાળકોને ખુબ સારું શિક્ષણ-ઈત્તર પ્રવૃત્તિઓ માટેની સુવિધા અને તમામ પ્રકારની હૂંફ માતા-પિતાએ પુરી પાડી હતી. બંને બાળકો પણ વિવેકી-શાંત અને પારિવારિક સંસ્કારોને સાચવીને જીવનારા હતા એટલે મા-બાપને બીજી કોઈ ચિંતા ન હતી.

સમયને અનુસરીને પરિવર્તિતને ઝીલીને જીવનારા અવિનાશની એક આદત હતી કે એ સતત એના બાળકોને વધુ સારું કામ કરવા, વધુ સારું જીવન જીવવા, વધુ ને વધુ વિચારવાને અમલમાં મુકવા નિયમિત રીતે કહેતો રહેતો. સ્વાભાવિક છે કે સંતાનો એની વાત સ્વીકારતા પણ કયારેક એમને પિતાની વાતો લાંબી લાંબી કે પછી માથું પકવનારી લાગતી. પરિણામે આદર સાથે પણ એમના ચહેરા પર આ બાબતનો અણગમો ઉતરી આવતો. જમાનાના ખાધેલ અવિનાશને આ બાબતનો ખ્યાલ આવી જતો એટલે આવી ચર્ચા એ છોડી દેતો.

કંઈક આવી જ સ્થિતિ ફરી એકવાર આવી હતી અને બંને પક્ષે લાગણી અને આદર હોવા છતાં હવામાં થોડો બોજ વર્તાવા લાગ્યો અને અવિનાશે દીકરીને સંબોધીને આરંભે લખેલું વાક્ય કહ્યું...

વાત પુરી કહીને ઘેરાયેલા મૌન વચ્ચે પરિવારના સહુ સભ્યો ટીવી સામે ગોઠવાયા. ફિલ્મફેર એવોર્ડઝનો કાર્યક્રમ ટીવી પર પ્રસારિત થઈ રહ્યો હતો. હિન્દી ફિલ્મ જગતની તમામ હસ્તીઓ મનોરંજન પીરસી રહી હતી. કાર્યક્રમના આખરી હિસ્સામાં યુવાન અને પ્રતિભાવંત અભિનેત્રી દીપિકા પાદુકોણને 'બેસ્ટ એક્ટ્રેસ' નો એવોર્ડ અપાયો. અભિનેત્રી રેખા પાસેથી એવોર્ડ સ્વીકારતી વખતે અત્યંત ભાવુક થઈ રહેલી દીપિકાએ એક પત્ર વાંચ્યો જે એણે ૧૮ વર્ષની ઉંમરે બેંગ્લોર છોડી મુંબઈ તરફ પ્રયાણ કર્યું ત્યારે તેના પિતા અને વિખ્યાત લોન ટેનિસ પ્લેયર પ્રકાશ પાદુકોણે લખ્યો હતો. આંખોમાં વહેતા સચ્ચાઈના આંસુ સાથે જયારે દીપિકા આ પત્ર વાંચી રહી હતી ત્યારે અમિતાભ બચ્ચન સહિતના અનેક કલાકારો ભાવુક થઈ ગયા હતા. એ પત્રના શબ્દે શબ્દમાં એક પિતાની પોતાના બાળકો, વિશેષ કરીને દીકરી માટેની સંવેદના, દીકરીના નિર્ણયને આવકારવાની લાગણી દીકરીને આપેલી સ્વતંત્રતા, જીવનના સંઘર્ષો, સપનાઓ અને માનવીય સંબંધોની ઉષ્માપૂર્ણ વાતો આલેખી હતી.

એ પત્ર દીપિકા આંસુ ભીની આંખે વાંચી રહી હતી... પિતાએ લખ્યું હતું... 'મારો અનુભવ છે કે આંખો બંધ કરીને દિવસમાં થોડી મિનિટો સ્વ જોડે વિતાવજે. તું અનુભવીશ કે તારામાં અનેરી ઉર્જા અને જીવનદૃષ્ટિ ઉમેરાશે.'

અવિનાસ અને પરિવારના તમામ સભ્યોની આંખો પણ સહજપણે ભીની થઈ ગઈ. એ પછી રણવીરસિંહને બેસ્ટ અભિનેતાને એવોર્ડ મળ્યો તો એ પણ એના માતાપિતાને પહેલા પગે લાગ્યો... દીપિકાના માતાપિતા અને અમિતાભને પગે લાગ્યો અને પછી સ્ટેજ પર એવોર્ડ લેવા ગયો.

કાર્યક્રમ પૂરો થયો. દીપિકાના પત્રના વાંચનથી સહુ લાગણીવશ હતા. વાતાવરણને હળવું કરવા અવિનાશે દીકરીના માથે હાથ ફેરવ્યો અને કહ્યું, 'બેટા કૉફી બનાવ આપણે સાથે કૉફી પીએ...' દીકરીએ કૉફી બનાવી અને અવિનાશે ફરી કલમ હાથમાં લીધી... હસતાં હસતાં દીકરીને કહ્યું, 'બેટા, દીપિકાના આ પત્ર વાંચનથી પ્રેરાઈને ફરી હું પણ ડાયરી રુપે તને પત્ર લખવાનું શરુ કરું છું...' બંને હસી પડ્યા.

સદીઓથી લખાતા રહેલા પત્રો-ડાયરી અને નોટ્સના પાનાઓ પર પડેલા હસ્તાક્ષરોમાં ધબકતી લાગણી આજેય અમૂલ્ય છે તેની પ્રતીતિ આ ઘટનામાંથી થાય છે.

તમામ મા-બાપે સંતાનો સાથે સંવાદ કરવો જોઈએ. સંતાનોના શોખ-અભિરૂચિને સમજીને એ દિશામાં જરુર જણાયે એમને પ્રોત્સાહન આપવું જોઈએ. સંતાનોને સ્કૂલ-કૉલેજ જીવનના શિક્ષણની સાથે જ વિવેક-શીલ-સંસ્કાર-સાહસ-અનુશાસન અને અધ્યાત્મના ગુણોથી પણ સમૃદ્ધ કરવા જોઈએ.

સંતાનોના સપના પુરા કરવા માત્ર આર્થિક નહીં લાગણીની-પ્રોત્સાહન અને પ્રેરણા કે માર્ગદર્શનની પણ એટલી જ આવશ્યકતા છે. માતા-પિતા જયારે આ બધું જ આપતા હોય ત્યારે સંતાનોએ પણ માતા-પિતાની અનુભવ સમૃદ્ધ વાતોને સમજવી જોઈએ અને તેમને આદર આપવો જોઈએ. સંતાનો પોતાની જવાબદારી નિભાવે અને માતાપિતા તેમને પ્રેરણા આપે ત્યારે ઉત્તમ સંબંધો અને ઉત્તમ કારકિર્દીનું નિર્ણાય થતું હોય છે અને બંને પેઢીના દિલ-દિમાગમાં અજવાળા અજવાળા પથરાય છે.

**તેજપૂંજ :**

*'કંઈ પણ પરિસ્થિતિ અને સંજોગો હશે,*
*અમે હંમેશા તારી પડખે જ રહીશું.'*

દીપિકાને લખેલા પત્રમાં
પિતા પ્રકાશ પાદુકોણ